આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : 12-10-2024 સમય : સાંજે 6.25 વાગ્યે

---

## મુ.મંત્રી શ્રી પટેલ-શસ્ત્ર પૂજન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી નિવાસસ્થાને શસ્ત્ર પૂજન કરી સર્વે નાગરિકોને દશેરાના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.. મુખ્યમંત્રીના સલામતી અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ દ્વારા પ્રતિ વર્ષ વિજયાદશમીએ શસ્ત્ર પૂજન વિધિ મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં યોજાય છે. આ વર્ષે યોજાયેલી શસ્ત્ર પૂજન વિધિમાં મુખ્યમંત્રીના સલામતી પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષકો, પોલીસ ઇન્સ્પેક્ટરઓ, સબ ઇન્સ્પેક્ટરઓ મળીને 50 જેટલા સુરક્ષા કર્મીઓ જોડાયા હતા.

RNU અમદાવાદ

---

## વિજયાદશમી પર્વ

અસત્ય પર સત્યના વિજયનો પર્વ એટલે વિજ્યાદશમીઆજે .

રાજ્યભરમાં અનેક સ્થળોએ રાવણ દહન, શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સૌ નાગરિકોને વિજ્યાદશમીની શુભકામનાઓ પાઠવી છેતેઓએ જણાવ્યું કે ., દરેક વ્યક્તિ તેમનામાં રહેલા ગુણદોષને પારખી મનની નબળાઇઓ ઉપર જીત મેળવે તે જ સાચી વિજ્યાદશમી છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------

## સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ

રાજ્યમાં સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં ૬ લાખ ૭૧ હજારથી વધુ રજૂઆતો આવી છે, જેમાંથી ૬ લાખ ૬૬ હજારથી વધુ રજૂઆતોનું સુખદ નિરાકરણ કરવામાં આવ્યું છે.

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત આપવામાં આવેલી વિભાગની સત્તાવાર માહિતી મુજબ, મહેસૂલ વિભાગની ૯૮ ટકા અરજીઓનું સુખદ નિરાકરણ કરાયું છે. જ્યારે ગૃહ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત, ગ્રામ વિકાસ વિભાગ તેમજ જળ સંપતિ, પાણી પૂરવઠા વિભાગની ૧૦૦ ટકા અરજીઓનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે.

માહિતી ખાતુ

---

## કચ્છ-આત્મા પ્રોજેક્ટ

આત્મા પ્રોજેક્ટ, કચ્છ તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા પાંચ ગ્રામ પંચાયત દીઠ એક ક્લસ્ટર એમ કુલ ૧૨૨ ક્લસ્ટરમાં ટેક્નિકલ માસ્ટર ટ્રેનર તરીકે વિસ્તરણ અધિકારી, ગ્રામ સેવક, બ્લોક ટેક્નોલોજી મેનેજર, આસિસ્ટન્ટ ટેક્નોલોજી મેનેજર, ખેતી મદદનીશની નિમણૂક કરી ખેડૂતોને તાલીમ આપવાની કામગીરી ચાલુમાં છે. ગ્રામ્યકક્ષાએ યોજાતી પ્રાકૃતિક કૃષિની આ તાલીમમાં ગ્રામસેવક કે આત્મા યોજનાના સ્ટાફ સાથે સંપર્ક કરી જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો લાભ મેળવે તે માટે પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

માહિતી ખાતુ

---

## કચ્છ-હજયાત્રીઓ-અરજી

દર વખતે હજ કમિટી મારફતે જતા હજ માટેના ઈચ્છુકોની અરજીઓ મગાવવામાં આવે છે અને ડ્રો પદ્ધતિથી હાજીઓની અરજીઓ પસંદ કરવામાં આવે છે. આ વખતે કચ્છમાંથી હજ-૨૦૨૫ માટે ૮૭૬

અરજી આવી હતી, જેમાંથી ૪૮૮ અરજી ડ્રોમાંથી પસંદ થઈ ગઈ છે અને ૩૮૮ અરજીને પ્રતિક્ષાયાદીમાં રાખવામાં આવી છે.

N.P./ આરતી ભટ્ટ

----------------------------------------------------------------------

## સંખી મંડળો

દીનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ કચ્છમાં શરૂ થયેલી સખીમંડળની જ્યોત હાલ ૭૦૦૦ થી વધુ સખી મંડળ સુધી વિસ્તરી છે. ૪૯૫૪ જેટલા સખી મંડળને રૂ.૫૯૪.૪૩ લાખનું રીવોલ્વીંગ ફંડ તથા ૨૧૩૯ જેટલા સખી મંડળને કમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડના રૂ.૧૬૧૭.૮૦ લાખની સહાયથી આવતા મહિલાઓ પગભર થઇ છે.

માહિતી ખાતુ

----------------------------------------------------------------------

## ભારત વિકાસ સપ્તાહ-ભુજ ટાઉન્હોલ

નરેન્દ્ર મોદીના સુ-શાસનના ૨૩ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં “ભારત વિકાસ સપ્તાહ” ઉજવાઈ રહ્યું છે. ત્યારે ભુજ નગરપાલિકા દ્વારા ટાઉનહોલની દીવાલોને વિવિધ થીમ આધારીત ભીંતચિત્રોથી સજાવાઇ છે. આ ભીંતચિત્રોમાં ભારત, ગુજરાત તથા

કચ્છના પ્રખ્યાત સ્થળોની ઝાંખી તથા દેશની વિવિધ સિદ્ધિઓને કંડારેલી જોઇ શકાય છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## પૂર્વ-પશ્ચિમ કચ્છ-શસ્ત્ર પૂજન

દશેરાના તહેવાર નિમિતે સશસ્ત્ર દળો દ્વારા શસ્ત્રપૂજન કરવાની પરંપરા આદિકાળથી ચાલી આવે છે. પૂર્વ અને પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ દ્વારા આજે હેડકવાર્ટર સહિત તમામ તાલુકા પોલીસ મથકો પર શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. આજના દિવસે પોલીસ સહિત લશ્કરી શસ્ત્રોની પણ પૂજા કરવામાં આવતી હોય છે.

N.P./ આરતી ભટ્ટ

---------------------------------------------------------------------